R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અંક ૪૦ : ૧૯

નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

YEAR-24 • ISSUE: 11 DATE: 14-03-15• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

વીમા ક્ષેત્રમાં વિદેશી સીધા રોકાણની મર્યાદા વધારતું બિલ સંસદમાં પસાર કરાયું

દેશમા વિમા ક્ષેત્રમા વિદેશી સીધા રોકાણની મર્યાદા ૨૬ ટકા હતી જેને વધારીને ૪૯ ટકા કરવા માટે સરકારે વટહુકમ બહાર પાડ્યો હતો.હવે આ વિવાદાસ્પદ બનેલ બીલને સંસદની મંજુરી મળી ગઈ છે. આ ખરડા પર ભારે અને ઉગ્ર ચર્ચાઓ થઈ હતી તેમજ બીલની ટેકનીકલ બાબતોને કઈને ગૃહની કાર્યવાહી મોકુફ રાખવી પડી હતી.આખરે ધ્વનિમતથી આ બિલ પસાર કરવામાં આવ્યું હતું. આર્થિક મોરચે એનડીએ સરકાર સહુ પ્રથમ વાર વટહુકમને સંસદમાં પસાર કરાવી શકી છે.

મુખ્ય વિપક્ષ જેને એનડીએ વિરોધપક્ષ તરીકે સંસદમા માન્યતા આપતો નથી તે સહુએ વીમા બિલને ટેકો આપ્યો હતો.જેને કારણે રાજ્યસભામાં પણ આ બિલ પસાર થઈ શક્યુ હતું.કોગ્રેસ ઉપરાંત જયલલિતાનો પક્ષ એઆઈ એડીએમકે , એનસીપી, અને બીજેડી એ બિલને ટેકો આપ્યો હતો.તુણમુલ કોગ્રેસ,ડીએમકે ,સપા, બસપા અને જેડીયુ એ વોકઆઉટ કર્યો હતો.જ્યારે ડાબેરી પક્ષોએ બિલમાં સુધારાની દરખાસ્ત કરી હતી. જેને ફગાવી દેવાયા હતા.જો કે વિમા ક્ષેત્રે સંકળાયેલ મજદુર સંગઠનોએ આ બિલનો ભારે વિરોધ કર્યો હતો.

લાંબા સમયથી પેન્ડીંગ સુધારા વાળુ વિમા બિલ આખરે રાજ્યસભામાં કોગ્રેસના સમર્થન બાદ પસાર થઈ ગયું હતું.જેને પગલે હવે વિમા ક્ષેત્રે એફડીઆઈનું સીધું રોકાણ ૪૯ થઈ શકશે.

કોગ્રેસ દ્વારા ૨૦૦૮માં વિમા બિલને લાવવામાં આવ્યું હતું. જો કે તે સમયે તેનો ભારે વિરોધ થયો હતો અને તેમાં મુખ્યત્વે ભાજપ અને તેના એનડીએના સાથી પક્ષો હતા.ભાજપના યશવંતસિંહાએ ૨૦૧૩માં જણાવ્યું હતું કે કોઈપણ ભોગે ભાજપ આ બિલને સમર્થન આપશે નહીં,તેમને વિમા ક્ષેત્રે અન્ય સુધારાઓ આવકાર્ય હતા.હવે જ્યારે ભાજપ સત્તા પર છે ત્યાર તેણે આ બિલની ક્રેડીટ લેવા માટે તેનું સમર્થન કરી દીધુ. કોગ્રેસને તો પોતાના કાર્યકાળમાં જે કરવાનું હતું તે ના કરી શક્યા પરતું હવે જ્યારે વિરોધીઓ જ તે બાબત કરી રહ્યા છે તેથી તેમણે તેનો વિરોધ કર્યો નહોતો અને બિલને પસાર થવા દીધું હતું.બાકી રાજ્યસભામાં ભાજપ તે કરી શક્યુ ના હોત.

કમિશ્નર ઓફ ઇન્કમટેક્ષ ધાર્મિક-ચેરીટેબલ ટ્રસ્ટોને અનુમતી આપી શકશે

ભારત સરકારના નાણાંમંત્રાલયે ૫ માર્ચના રોજ સરક્યુલર જારી કરીને કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ(એક્ઝેમ્પશન)ને ધાર્મિક અને ચેરીટેબલ ટ્રસ્ટોના રજીસ્ટ્રેશન માટેની સત્તા આપી છે. અત્યાર સુધી આવકવેરા અધિકારી ધાર્મિક અને ચેરીટેબલ ટ્રસ્ટોને માન્યતા આપી શકે કે કેમ તે અંગે વિવાદ ચાલતો હતો.ભારતના નાણાં મંત્રાલયે ૫ માર્ચના રોજ સરક્યુલર જારી કરીને જાહેર કર્યું છે કે હવેથી કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ(એક્ઝેમ્પશન)ધાર્મિક અથવા ચેરીટેબલ ટ્રસ્ટોની ૧૫ નવેમ્બર ૨૦૧૫ પછી થયેલ અરજી પર મંજુરીની મહોર મારી શકશે. આ પહેલાં કરેલ અરજીઓનો નિકાલ જુની પધ્ધતિથી જ કરવામાં આવશે.ચેરિટેબલ ટ્રસ્ટના જાણકાર એડવોકેટ ધ્રુવેન શાહ જણાવે છે કે હાલ સુધી ઈન્કમટેક્ષ ડીપાર્ડમેન્ટ દ્વારા ટ્રસ્ટને ૧૨એએની મંજુરી આપવામાં આવતી નથી.૧૫ નવેમ્બર પછી સુચવાયેલા સુધારા મુજબ ડીરેકટર ઓફ ઈન્કમટેક્ષ(એક્ઝેમ્પસન)ને આ માન્યતા આપવાના અધિકાર અપાયા હતા. જે હવે કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ(એક્ઝમ્પશન)ને પણ અપાયા છે.

જન સુવિધાઓ માટે જવાબદારી નક્કી કરાશે અને વિલંબ માટે દંડ કરાશે

દેશના નાગરિકોને સમયસર જન સુવિધાઓ મળે એ માટે જવાબદારી નક્કી કરવા માટે સરકાર એક ફ્રેમવર્ક બનાવવા અગે આયોજન કરી રહી છે.આ જન સુવિધાઓમાં પાસપોર્ટ,ડ્રાઈવીંગ લાયસંસથી માંડીને આરોગ્ય વીમાના દાવા પણ સામેલ હશે અને તેમાં વિલંબ થાય તો દંડની જોગવાઈ કરવામાં આવી છે.

વહીવટી સુધાર તેમજ લોક ફરિયાદ વિભાગ અને ક્વોલીટી કંટ્રોલ ઓફ ઈન્ડીયા તેના શરુઆતમાં કેન્દ્ર સરકારની ૧૦ સેવાઓની ઓળખ કરશે. સૌથી પહેલાં આ પહેલને નાગાલેન્ડ અને હરિયાણામાં લાગુ કરવામાં આવશે.ક્વોલીટી કાઉન્સીલ ઓફ ઈન્ડીયાની સ્થાપના સરકાર અને ત્રણ ઔદ્યોગિક સંગઠનોએ મળીને કરી હતી.

આ ફ્રેમવર્કમા રાજયોના પબ્લિક સર્વીસીઝ ગેરંટી એકટ અને સીટીઝન્સ ચાર્ટરને મેળવીને એક કરવામાં આવશે.જેમાં સેવા આપવા માટે નિયત સમય, ફરિયાદ નિવારણ,પારદર્શિતા અને જવાબદારીઓ લઈને સરકારી સંસ્થાઓની પ્રતિબધ્ધતાઓના ઉલ્લેખ કરવામાં આવશે. દંડ ઉપરાંત એક એવી વ્યવસ્થા પણ લાગુ કરવામાં આવશે જેમાં ફરિયાદનું નિવારણ ત્રણ દિવસની અંદર ન થાય તો તે ફરિયાદ આપમેળે કોઈ સિનિયર અધિકારી પાસે જશ અને તેમની પાસે પણ ફરિયાદનું નિવારણ કરવા માટે પણ ત્રણ દિવસ હશે.

અધિકારીઓએ જણાવવુંપડશે કે કોઈ સર્વીસમાં ખામી શા માટે છે અને તે સમયસર ઉપલબ્ધ કેમ ન કરાવવામાં આવી. નાગરિકોની ફરિયાદ પર નજર રાખવામાં મદદ માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.અને તેમને મોબાઈલ પર સ્ટેટસ અપડેટ મળશે.આ સુવિધાથી નાગરિકોને સરકારી સેવા પ્રાપ્ત કરવામાં સરળતા રહેશે.

કોલસા કૌભાંડમાં પુર્વ પ્રધાનમંત્રી મનમોહનસિહને કોર્ટમાં હાજર થવાનો આદેશ

કોલસા કૌભાંડમા પુર્વ પ્રધાન મંત્રી મનમોહનસિહને કોર્ટે આરોપી તરીકે સમન્સ મોકલ્યુ હતું.૧.૮૬ લાખ કકરોડ રુપીયાના કોલસા કૌભાંડમાં દિલ્હીની પટિયાલા હાઉસની વિશેષ સીબીઆઈ કોર્ટે તેમને હિન્દાલ્કોને અયોગ્ય રીતે કોલસાની ખાણ ફાળવવાના આરોપસર ૮ એપ્રિલે કોર્ટમાં હાજર રહેવા જણાવ્યું છે.૨૦૦૫માં ઓરિસ્સામાં આવેલા તારાબીરા-૨ કોલસા ખાણની ફાળવણીમાં થયેલા કૌભાંડ મામલે તત્કાલીન કોલસામંત્રી મનમોહનસિંહ સાથે હિન્દાલ્કોના માલિક કુમાર મંગલમ બિરલા અને પુર્વ કોલસા સચિવ પી.સી.પારેખ સહિત અન્ય ત્રણ આરોપીઓનેપણ સમન્સ પાઠવવામાં આવ્યો છે.

આ કેસમાં હિન્દાલ્કો અને તેના અધિકારીઓ શુભેન્દુ અમિતાભ તેમજ ડી. ભટ્ટાચાર્ય પણ આરોપીઓમાં છે.આ તમામ આરોપીઓને જે કલમમાં સમન્સ પાઠવવામાં આવ્યુ છે તેમાંની એક કલમમાં આજીવન કેદની સજાની જોગવાઈ છે.કોર્ટે આ બાબતે ટીપણી કરતાં કહ્યું હતું કે તાલાબીરા-૨ કોલ બ્લોક હિન્દાલ્કોને ફાળવવામાં તત્કાલીક પ્રધાનમંત્રીએ વધુ પડતો રસ દાખવ્યો હતો.

તત્કાલીન કોલસા સચિવ પી.પારેખના વડપણ હેઠળની કમિટીએ મહાનદી કોલફિલ્ડ અને નેયવેલી લિગ્નાઈટને બે કોલસા ખાણો આપવાનો નિર્ણય કર્યો હતો.પરંતુ કુમાર મંગલમ બિરલાની હિન્ડાલ્કો કંપનીને મહત્તમ કોલસો મળે તે માટે ફાળવણી પધ્ધતિ બદલવામાં આવી હતી.આ નિર્ણય પર આવતા પહેલાં પુષ્કળ પત્રવ્યવહરો થયા હતા.તેમજ બેઠકો થઈ હતી.પરંતુ છેવટે જાહેર સાહસોનેજ કોલસાની ખાણ મળે તેવી વ્યવસ્થા થઈ હતી.આ કેસમાં ક્યાંય મનમોહનસિંહ સામે આગળી ચીંધી શકાય તેમ છે જ નહી.માત્ર તેમણો કરેલો ગુનો એ છે કે તેઓ હંમેશા શાંત રહ્યા.અને અન્યો દેશની તિજોરીને લુંટતા રહ્યા.

પુર્વ વડાપ્રધાન કોર્ટે પાઠવેલા સમન્સ અંગેની પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે “હજુ સુધી મને સમન્સ મળ્યું નથી.હું કોઈ પણ કાયદાકીય પ્રક્રિયામાંથી પસાર થવા માટે તૈયાર છું. હું ઈચ્છું છુ કે આ મામલે સત્ય બહાર આવે.નિપક્ષ



ન્યાય મારી નિર્દોષતા પુરવાર કરશે “

સીબીઆઈએ આ કેસની તપાસમાં ગત વર્ષે ક્લોઝર રીપોર્ટ મુકી દીધો હતો. તેમાં જણાવાયું હતું કે આરોપીઓને દોષિત સાબિત કરતાં કોઈ પુરાવાઓ નથી.પરંતુ કોર્ટે તેને ફગાવી દીધો હતો.તેમજ વડાપ્રધાનનું નિવેદન નહી લેવા માટે સીબીઆઈને અનેક પ્રશ્નો પુછ્યા હતા.જો કે તત્કાલીક વડાપ્રધાન મનમોહનસિહની છબી બિલકુલ સાફ છે અને તેમની ઈમાનદારી પર કોઈ શંકા નથી.આમ તો મનમોહનસિંહ આ કેસમાં દોષિત ઠરે તેવી શક્યતાઓ નહીવત છે.

આર્થિક નિર્ણયો બાબતે હાલની સરકાર મનમોહનસિંહના નિર્ણયોની નકલ કરે છે.તે દર્શાવે છે કે તેમની આર્થિક નિતિઓ ખોટા માર્ગે નહોતી.ભવિષ્યમાં પણ ભારતમાં આર્થિક સુધારાનો આરંભ કરનારા તરીકે અને આર્થિક કટોકટીમાં પણ ભારતની અડીખમ રાખનારા વડાપ્રધાન તરીકે ઈતિહાસમાં તેમનું નામ લખાશે.

કેટલાક મામલાઓનું રાજકીયકરણ કરવામાં આવતું હોય છે.રાજ્યસભામાં વટહુકમો પસાર કરાવવા માટે સત્તાધારી પક્ષે વિપક્ષોના સહકાર મેળવવા ખેલેલું પત્તુ કેટલું કારગત નિવડે છે તે હવે જોવાનું રહેશે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

નવ ક્રાંતિ

તાજેતરમાં નાગાલેન્ડમાં જે બન્યું તે અન્યત્ર બનવાના સંજોગો ઉજળા બની ગયા.લોકોને ન્યાયતંત્રમાં થતો વિલંબ પસંદ નથી તેથી તેઓએ જેલમાં જઈને ગુનેગારને ઉપાડી લાવી જાહેરમાં ન્યાય કરી નાંખ્યો.

નાગાલેન્ડના દિમાપુર ખાતે મધ્યસ્થ જેલ પરલગભગ ૨૦૦૦ના ટોળાએ હુમલો કરીને બળાત્કારના આરોપીને બહાર ઘસડી જઈને ઘાતકી રીતે રહેસી નાંખ્યો.બળાત્કારનો આરોપી સઈદ ૩૫ વર્ષીય જેને ટોળું મારતાં મારતાં લગભગ સાત કી.મી.જેટલું ઢસડીને લઈ ગયું.શહેરના ક્લોક ટાવર વિસ્તારમાં તેને પથ્થરો અને લાતો મારીને ઘાતકી રીતે મારી નંખાયો.ત્યારબાદ મૃતદેહને ક્લોક ટાવર ખાતે લટકાવી દેવાયો.

હવે પોલીસ તપાસ કરી રહી છે.ન્યાયિક તપાસ પંચની જાહેરાત થઈ છે.વિગેર વિગેરે.પોલીસે આ ઘટનામાં ચાર એફઆઈઆર નોધી છે.બળાત્કારી સઈદ પર ૨૪મી ફેબ્રુઆરીના રોજ એક વિદ્યાર્થીની પર બળાત્કારનો આરોપ હતો.નાગાલેન્ડના દિમાપુર જેલમાંથી આરોપીને બહાર ઘસડી લાવનાર ટોળાનું આયોજન શાળા અને કોલેજના યુનિફોર્મમાં સજ્જ સેકડો યુવતીઓ કર્યું હતું.પોલીસે જણાવ્યુ હતું કે ટલાની આગળ સેકડો યુવતીઓ હોવાને કારણે પોલીસ બળનો પ્રયોગ કરી શકી નહોતી.જો કે આ બાબત દર્શાવે છે કે બળાત્કારીઓ બાબતે મહિલાઓમાં જાગૃતિ આવી છે.હવે લાંબી ચાલતી ન્યાયિક પ્રક્રિયાએ તેમને તેમની રીતે ન્યાય તોળવા મજબુર કરી દીધા છે. તેમજ લાંબી અવધી બાદ બળાત્કારીઓને સજા થશે કે કેમ તે નક્કી નથી. અને ગુનેગારો વકીલો અને નાણાંની મદદથી છુટી જાય છે.પરિણામે જેમને ન્યાય મેળવવાની આશા છે તેઓ વર્ષો સુધી ન્યાયની અપેક્ષામાં આર્થિક,માનસિક અને સામાજીક રીતે તબાહ થઈ જાય છે.તેથી લોકોએ આ વિકલ્પને સ્વીકારી લીધો અને તેનો અંજામ આ આવ્યો.ન્યાયની દેવીની માન્યતા મુજબ સેકડો ગુનેગાર ભલેને છુટી જાય પણ એક નિર્દોષને સજા ના થવી જોઈએ.તે મુજબ સેકંડો ગુનેગારો છટકી જાય છે. અને પોતાને ન્યાય મળશે તે આશા લોકોની ઠગારી નીવડે છે.

હાલમાં તો સરકાર અને પોલીસ તંત્ર બળાત્કારીને નિર્દોષ સાબિત કરવાની પળોજણમાં છે.તેઓ બળાત્કારનો ભોગ બનેલી યુવતીને વૈશ્યા સાબિત કરવાની ફિરાકમાં છે.યુવતી નાણાં મેળવવાની અપેક્ષાએ પોતાની મરજીથી આ સબંધ બાધ્યો હતો તેવી સ્ટોરી રજુ કરીને પોતાની જવાબદારી ખંખેરવાની ફિરાકમાં છે.જે બાબતની ગંધ શાળા કોલેજના વિદ્યાર્થીઓને આવી જતા તેમણે આવુ ક્રાંતિકારી પગલું ભરીને આખા દેશમાં એક સંદેશો બળાત્કારીઓને આપી દીધો છે કે હવે તેમના માટે લોકોનો આક્રોશ ભારે પડશે.

આસામના મુખ્યમંત્રી તરુણ ગોગાઈએ આરોપ મુક્યો હતો કે દિમાપુર જેલની સુરક્ષાની જવાબદારી કેન્દ્રીય દળોની છે. અને તેઓ હત્યા રોકવામાં નિષ્ફળ ગયા છે.કેદીઓની સુરક્ષાની જવાબદારી કેન્દ્ર સરકારની છે.હવે કેન્દ્ર સરકાર રાજ્યની કોંગ્રેસ સરકારને ભીડાવવા પ્રયત્નમાં છે તો રાજ્ય સરકાર કેન્દ્ર સરકારને દોષિત માને છે.પોલીસ વ્યવસ્થાની દેખરેખ રાખનાર એસપી મેરેન જમીરે કહ્યું કે ટોળાની આગેવાનીમાં સેકડો યુવતીઓ હતી તેથી તેઓ બળ પ્રયોગ કરી શક્યા નથી. તેઓ મહિલા પ્રત્યે આદરભાવ પ્રગટ કરી જવાબદારીમાં હાથ ખંખેરી નાંખવા માગે છે.સવાલ જવાબદારી ખંખેરવાથી આવવાનો નથી.પરંતુ ન્યાય તંત્રને શિથિલ કરી નાંખવાનો આ પ્રયત્ન કહી શકાય. ડોસી મર્યાનો ભય નથી પણ જમ પેધ્યાનો ભય છે.

લવ જેહાદને પ્રોત્સાહિત કરતાં ખાન ત્રિપુટી અભિનેતાઓની ફિલ્મનો બહિષ્કાર કરવા સાધ્વી પ્રાચીનો હિન્દુઓને અનુરોધ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદમાં એક નિવેદન કરીને તેમના નેતાઓને ઉશ્કેરણીજનક નિવેદનો ન કરવા માટે સલાહ આપી હતી.પરંતુ તેની કોઈ ખાસ અસર દેખાતી નથી.હાલમાં વિશ્વ હિંન્દુ પરિષદના સાધ્વી પ્રાચીએ એક વિવાદાસ્પદ નિવેદન કર્યું છે. સાધ્વીએ હિન્દુઓને બોલીવુડના ત્રણ ખાન અભિનેતાઓ, શાહરુખખાન,સલમાનખાન અને આમિરખાનની ફિલ્મોનો બહિષ્કાર કરવા અનુરોધ કર્યો છે.

દહેરાદુનમાં વિશ્વ હિંન્દુ પરિષદની બેઠકમાં સાધ્વી પ્રાચીએ દેશના હિન્દુઓને સલાહ આપતાં કહ્યું કે 'ત્રણેય ખાન લવ જિહાદને પ્રોત્સાહન આપે છે.આપણાં બાળકો તેમની પાસેથી યોગ્ય સંસ્કારો નથી શીખતા'સાધ્વીએ અપીલ કરી હતી કે હિન્દુઓ આ ત્રણેય અભિનેતાઓના પોસ્ટર્સ પોતાના ઘરની દિવાલો પરથી હટાવી દે.તેમજ તેને જાહેરમાં બાળી મુકે.તેમણે કહ્યુ હતું કે લવ જિહાદ આંતરધર્મ લગ્નનુ સ્વરુપ નથી પણ આ ગુનાહિત ઈરાદાઓ સાથે કોઈની આસ્થાને બળજબરીથી બદલવા સાથે સંકળાયેલો મામલો છે.હિન્દુ સંગઠન તેને સહન નહી કરે.

આ બાદ તેમણે કોંગ્રેસ પક્ષના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને કોઈ ભારતીય યુવતી સાથે લગ્ન કરી ઘર વસાવી લેવાની વણમાંગી સલાહ આપી હતી.તેમણે ઉમેર્યું હતું કે તેમની માતા અને બહેનની વધતી ચિંતા એ છે કે તેઓ ક્યાં ખોવાઈ ગયા છે.રાહુલે પોતાનું ધ્યાન રાખવું જોઈએ,અને તેણે લગ્ન કરી લેવા જોઈએ અને ઘર વસાવી લેવું જોઈએ.જો કે રાહુલ ગાંધીના લગ્નની ચિંતા કરીને સાધ્વીજીએ સોનિયા ગાંધીની ચિતા ઓછી કરી દીધી છે.હવે કમને પણ રાહુલને સાધુ-સાધ્વીઓના આદેશના કારણે કદાચ પરણવુ પણ પડે.

આ અગાઉ સાધ્વી પ્રાચીએ હિન્દુઓને વધુ બાળકો પેદા કરવાની અપીલ કરી હતી.તેમણે ત્યારે કહ્યું હતું કે હિન્દુઓની જનસંખ્યા સતત ઘટતી રહી છે અને અન્ય ધર્મો સાથે સંતુલન જાળવી રાખવા માટે હિન્દુઓએ વધુ બાળકો પેદા કરવા પડશે.જો કે ભારતીય જનતા પાટીએ આ નિવેદન સાથે તેમને કોઈ લેવા દેવા નથી એમ કહીને પોતાને અલગ કરી દીધા હતા.

જો કે નિવેદનબાજીમાં ભાજપના અન્ય સહયોગી અને તેના નેતાઓ નિત નવા નિવેદનો કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના વિકાસ મોડલના યજ્ઞમાં રોડા નાખી રહ્યા છે.સંસદમાં વડાપ્રધાને આ બાબતે ખુબજ સ્પષ્ટતાપુર્વક જણાવ્યું છે જો કે તેમના પક્ષના લોકોને તે બરાબર રુચ્યુ નથી.જવાબદાર નેતાઓ પણ બેફામ નિવેદનો કરી રહ્યા છે. વડાપ્રધાન કેટલાકે મોઢે ગરણાં બાંધશે.પરંતુ તેમણે એકદમ સ્ટ્રીક રીતે આ લોકો માટે હુકમો છોડવા પડશે.વડાપ્રધાન તેમના હરીફો માટે ખુજબ કડકાઈભર્યુ વલણ દાખવે છે.તેથી તેમના સહયોગીઓએ આ બાબતને ધ્યાનમાં રાખવી પડશે.

સાધ્વી બાલિકા સરસ્વતીએ જણાવ્યું હતું કે હિંન્દુ યુવતીઓએ મુસ્લીમ યુવકો સાથે વાતચીત ન કરવી જોઈએ. મુસ્લીમ યુવાનો નજીક આવે કે યુવતીઓએ તેમના પર પથ્થર મારો કરવો જોઈએ.વાસ્તવિકતા એ છે કે મુસ્લીમો હિંદુ યુવતીઓને ફોસલવાને અને લગ્ન કરી તેમને ડીલવરી મશીન બનાવવા માંગે છે.

વિહપના નેતા પ્રવીણ તોગડીયાએ જણાવ્યુ હતુ કે અત્યારે દેશમાં જે વાતાવરણ છે તેને કાબુમાં લેવામાં નહી આવે તો થોડા સમયમાં આસામ,કેરળ અને પશ્ચિમ બંગાળમાંથી હિંન્દુઓનું અસ્તિત્વ ભુંસાઈ જશે.આમ વિહપના નેતાઓએ વડાપ્રધાનની સલાહની અવગણના કરી હતી.અને કેટલાક વિવાદાસ્પદ નિવેદનો આપ્યા હતા.વાણી સ્વાતંત્રતાના નામે પણ આ લોકો વિવાદાસ્પદ નિવેદનો કરતાં રહેશે. તેમને રોકી શકાશે નહી.

જાણવા જેવું !

મનુષ્યના દાંત ખડક જેટલી મજબુતાઈ ધરાવતા હોય છે.

લાસ વેગાસમાં કેસિનોમાં ઘડીયાળ રાખવામાં આવતી નથી.

જ્યારે કાચ તુટે છે ત્યારે તેની તુટવાની ઝડપ ૩૦૦૦ પ્રતિ કલાકની હોય છે

મેડીકલ શાખામાં શરદીનો પ્રથમ કેસ ૧૬૧૧માં ઈંગ્લેન્ડમાં નોધાયો હતો.

વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

ગીડીયોન પોલ પરમાર

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી,

મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫

૯૭૨૩૩૩૨૩૯૬

આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા.
ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫,
૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ.
મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧

અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.

શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,
જીવન સાહિત્ય ભંડાર,
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮

ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨

શ્રી હેલ્ફર્સ એલેન્ડી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧

નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.

શ્રી ભાઈલાલભાઈ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨

શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨

શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨

નવો ત્રાસવાદી અબુ બકર અલ બગદાદી

વિશ્વના સૌથી ખુંખાર મનાતા આતંકવાદી ઓસામા બિન લાદેનન અમેરિકાએ ખાત્મો બોલાવ્યા બાદ માંડ ત્રણ વર્ષ પુરા થયા છે ત્યાં તેનાથી સવાયો સાબિત થાય તેવો નવો મહાખુંખાર ત્રાસવાદી અબુ-બકર-અલ-બગદાદી પોતાની જાતને ખલીફા ઘોષિત કરી સમગ્ર વિશ્વને લોહીના દરિયામાં ડુબાડવા માટે મેદાનમાં આવી ચુક્યો છે.

સમગ્ર ઈસ્લામિક વિશ્વના ધાર્મિક અને રાજકીય સર્વોપરી વડા તરીકે ખલીફાનું પદ ઈસ્લામના જન્મકાળથી જ દુનિયાભરના મુસ્લીમો સાથે ભાવનાત્મક રીતે સંકળાયેલુ છે. મંહમદ સાહેબના અવસાન બાદ ઈ.સ.૬૩૨માં પ્રથમ ખલીફા તરીકે તેમના સસરા અબુ બકરની પસંદગી થઈ ત્યારથી માંડી અનેક સદીઓન ચઢાવ-ઉતાર વચ્ચે ઈસ્લામના છેલ્લા ખલીફા તુર્કીના સુલતાન વહીદ-ઉદ્દીનને ૧૯૨૪માં ત્યાંના નવા શાસક મુસ્તુફા-કમાલ પાશાએ પદભ્રષ્ટ કરતાં ખલીફાપદનો અંત આવ્યો હતો. હવે લગભગ ૯૦ વર્ષ બાદ અલ-બગદાદી પોતાને ખલીફા ઘોષિત કરી કેવળ બિન ઈસ્લામિક વિશ્વ નહી પરંતુ શિયાપંથી મુસ્લીમો ઉપરાંત પશ્ચિમ એશિયાના મવાળ આરબ-મુસ્લીમ રાષ્ટ્રો સામેની ઈસ્લામીક જેહાદની ઘોષણા કરી રહ્યા છે.ઈરાક અને સીરીયાના ઈસ્લામિક રાષ્ટ્રની ઘોષણા કરીને અલ-બગદાદીના સૈન્યો ઈરાકની સત્તાવાર સરકાર,નુરી અલ મલીકીની શિયા સેના સાથે ખુંખાર જંગ લડી રહ્યા છે.કટ્ટર સુન્ની પક્ષ અલ-બગદાદી એ અત્યારે મૌસુલ સહિત ઈરાકના સંખ્યાબંધ નગરો પર કબજો જમાવ્યો છે.અને શિયાઓના પવિત્ર મનાતા નગરો, નજફ તથા કરબલાનો નાશ કરી નાંખવાની ધમકી આપી રહ્યા છે.

તાજેતરના વર્ષોમાં પ્રથમ લાદેનના નેતૃત્વ હેઠળનું અલકાયદા ત્રાસવાદી સંગઠન અને ત્યાર પછી તાલિબાનો અને હવે અલ-બગદાદી.ઈસ્લામક વિશ્વ આવા હિંસર અસહિષ્ણુ અને અરાજકતાભર્યા આંદોલનને કેમ જન્મ આપતું રહ્યું છે. આ સબંધમાં એક એવો મત સ્પષ્ટ થતો રહ્યો છે કે ૧૭મી અને ૧૮મી સદીનો નવજાગૃતિન ો કાળ અને તે પછી આવેલી ઔધ્યોગિક કાંતિ પછી પશ્ચિમી વિશ્વની તુલનામાં એક સમયની વિશ્વની મહાસત્તા એવું ઈસ્લામિક વિશ્વ સતત પીછેહઠો અને પરાજયો સહન કરતું રહ્યું.પશ્ચિમી વિશ્વ સામેથી સ્પર્ધામાં પોતે પાછળ પડી રહ્યું છે તેવો અહેસાસ ઈસ્લામિક વિશ્વને થવા લાગતાં તેના પ્રત્યાઘાતરુપે એવો મત આકાર લેવા માંડયો કે ઈસ્લામના મુળ સિધ્ધાંતોથી મુસ્લીમ દેશો તથા સમાજ વિચલિત થતો રહ્યો છે.તે કારણે તે પશ્ચિમ સાથે રાજકીય કે આર્થિક સ્પર્ધા કરી શકતો નથી.

આનું પરિણામ એ આવ્યું કે ઈસ્લામિક સમાજ નવા વિજ્ઞાન તથા ટેકનોલોજીનું મહત્વ સમજવાને બદલે તથા આધુનિકરણના માર્ગે આગળ વધવાને બદલે તે કટ્ટર ઈસ્લામ તરફ ઝુકવા લાગ્યો.આ માનિકતા ઉભી કરવામાં ૧૯મી સદીના દેવબંધી આંદોલન અને સાઉદી અરેબીયાના વહાબી આંદોલનોનો સિંહફાળો રહ્યો.અત્રે એ પણ નોંધવું રહ્યું કે તાલિબાનો તથા અલ કાયદાના ઉગ્રવાદના મુળમાં દેવબંધી તથા વહાબી આંદોલન જ તેનું ચાલકબળ રહ્યું છે.તાલિબાનો તથા અલ કાયદાના પ્રભાવ હેઠળ સુન્ની કટ્ટરવાદ વધુને વધુ દૃઢ થતો રહ્યો છે. અને પરિણામે શિયાપંથીઓ સાથેનો તેમનો સંઘર્ષ વધુને વધુ લોહીયાળ બનતો ચાલ્યો છે. ગઈ સદીમાં અફઘાનિસ્તાનનો સોવિયત સંઘ કબજો લેતાં પોતાના સ્વાર્થી રાજકારમ ખાતર અમેરિકાએ ઈસ્લામિક વિશ્વની આ કમજોરીનો બરાબર ઉપયોગ કરી સોવિયત સંઘ સામે ઈસ્લામિક જેહાદને આકાર આપ્યો હતો. સોવિયત સામેના યુધ્ધના આ જેહાદીઓ ત્યારે સ્વાતંત્રવીરો હતા.પરંતુ હવે પશ્ચિમી વિશ્વ આ જેહાદીઓનો ઉપયોગ સુન્ની -શિયા વચ્ચે વિશ્વભરમાં આંતરવિગ્રહ કરવા માટે કરી રહ્યું છે.તેવું ઈરાનના શિયા શાસકો સહિત ઘણા તટસ્થ રાજકીય પંડિતો માની રહ્યા છે.

તાલીબાનોને જન્મ આપવામાં તથા અફઘાન સમસ્યાના ઉકેલ માટે જેહાદી ઈસ્લામને પેદા કરવામાં અમેરિકાની ભુમિકાનો ઈન્કાર થઈ શકે તેમ નથી.પરંતુ હવે જે ભુતકાળ ભુતાવલ પશ્ચિમી રાષ્ટ્રોએ ઉભી કરી હતી તે હવે તેમને માટે પડકાર થઈ રહી છ.નવા ઈસ્લામીક ખલિફા અલ-બગદાદીએ પોતાની નવી ખિલાફતનો જે નકશો બહાર પાડ્યો છે તેમાં ભારત તથા ચીન સહિત લગભગ અડધા વિશ્વને ઈસ્લામિક છાયામાં લેવાનો ઈરાદો જાહેર કર્યો છેઆ ઈરાદામાં તે સફળ થયા કે ન થાય,પરંતુ હવે પશ્ચિમ એશીયાના જે અમેરિકા તરફી દેશો છે જેવાકે સાઉદી અરેબીયા,ખાડી વિસ્તારના આરબ દેશો તથા ઈઝરાયેલ જેવા દેશો માટે આ નવો આતંક ભારે પડકારરુપ સાબિત થવાનો છે.અલ-બગદાદીએ પોતાના પ્રવચનમાં કાશ્મીરનો પણ ઉલ્લેખ કર્યો હતો. આથી ભારતે પણ આ નવા પડકાર માટે તૈયાર રહેવું પડશે.આ ઉપરાંત અલ બગદાદી વચ્ચે વૈશ્વિક ઈસ્લામિક જેહાદ માટે ઊગ્રસ્પર્ધા થવાની શકયતાઓ પણ *ઘણા વિશ્લેષકો જોઈ રહ્યા છે.વુ પ્રમાણમાં ત્રાસવાદી ઘટનાઓ,ખાસ કરીને શિયા પંથી,મુસ્લીમ દેશોમાં થવાની સંભાવના છે.*

મૃતઃપાય થઈ ચુકેલી ઈસ્લામિક ખલિફાની સંસ્થાને પુનઃજીવીત કરવાના અલ-બગદાદીના પ્રયાસ ફરીવાર એ વતની યાદ દેવડાવે છે કે છેલ્લા ૨૦૦ વર્ષોના આકરા અનુભવો પછી પણ ઈસ્લામિક કટ્ટરવાદ હજુ પણ વિશ્વ ા ઈસ્લામિક સમાજ પર પોતાની પકડ જમાવી શકે છે.તાલિબાનો તથા અલ-કાયદાને જન્મ આપી પાકિસ્તાન સહિત દુનિયાના ઘણા મુસ્લીમ દેશો ભારે કિંમત ચુકવી રહ્યા છે. હવે ખલિફાને જન્મ આપી વિશ્વે અને ખાસ કરીને મુસ્લીમ દેશોએ તેની આકરી કિંમત ચુકવવી પડવાની છે.

વિદ્યુત ઠાકર સૌ.સંદેશ

ક્રિકેટ વર્લ્ડકપમાં ભારતે ક્વાટર ફાઇનલમાં પ્રવેશ કર્યો

ઓસ્ટ્રેલીયા-ન્યુઝીલેન્ડમાં ચાલી રહેલ ક્રિકેટ વિશ્વકપમાં ભારતની ટીમે એકપણ મેચ હાર્યા વગર તેના તમામ હરીફોને શિકસ્ત આપી છે.હવે ભારતે ક્વાટર ફાઈનલમાં પ્રવેશ કરી દીધો છે. ક્વાટર ફાઈનલમાં લગભગ ભારતને બગ્લા દેશ સામે રમવાનુ આવશે.

વર્લ્ડ કપ શરુ થયા અગાઉ કેટલાક ટીકાકારોએ ભારતની ટીમ માટે અનેક ટીકાઓ કરી હતી.આ ઉપરાતં ઓસ્ટ્રેલીયામા ભારતની ટીમે જે દેખાવ કર્યો હતો તેના પરથી વર્લ્ડ કપનું પ્રદર્શન અલગ પ્રકારનું છે.હવે જોવાનું એ રહે છે કે ભારત તેની તાકાત લગાવીને ફાઈનલમાં કોને મહાત કરીને વર્લ્ડ કપ મેળવે છે.

આપણે સંસારને વિવેકથી સારો બનાવીએ

આ સંસાર નકામો છે, એવુ અંતિમ કક્ષાનુ માનવુ એ ભુલભરેલુ છે.કાપડમાં કોઈ ડાઘો પડ્યો હોય,કોઈ વાસણ ગંદુ થઈ ગયું હોય, તો આપણે એને સાફ કરીએ છીએ,સ્વચ્છ બનાવીએ છીએ,એવીજ રીતે આ સંસારની બુરાઈઓને આપણે ભલાઈથી ધોવાનો પ્રયત્ન કરતાં રહેવુ જોઈએ.સારી રીતે વિચારવાથી આ સંસારનુ રૂપ કે સ્વભાવ સમજમાં આવતો જાય છે.પરંતુ ધીરજ અને વિવેકથી તેને સારો બનાવવો જોઈએ.આ સંસાર એ ઈશ્વરનુ મહાન સર્જન છે.પરમાત્મા સર્વત્ર છે.એની હયાતિ વિના કશુંજ શક્ય નથી.આ સંસારમાં દિલ લગાવવાની મજા છે અને સજા પણ છે.આ દુનિયામાં સ્વપ્નોના આધારે જીવવુ આસાન નથી.આ આખી દુનીયા સ્વાર્થી છે. અંહી નિષ્ઠાનુ કોઈ જ ચલણ નથી.આ સંસાર એક મેળો છે. પરમાત્મા માટે સંસારને છોડવો પડે તો આપત્તિ નથી. પરંતુ સંસાર માટે પરમાત્મા ક્યારેય છુટવો જોઈએ નહી.જો માણસ આટલો જ નિર્ણય કરી લે તો પછી સંસાર છોડવાની જરૂર નથી.સંસાર અને ઈશ્વર એકબીજામાં ઓતપ્રોત છે. એને અલગ કેવી રીતે કરી શકાય ?સવાલ છે માત્ર આપણી સમજનો. આ સંસાર તો એકજ કાફલામાં ચાલ્યા કરે છે. આપણે બધા જ એમાં ચાલનારા મુસાફર છીએ.ચાલતા ચાલતા થાકી જઈએ તો ત્યાં રોકાઈ જવાનુ છે., બીજા આગળ વધતા જશે.સંસારનો માર્ગ કોઈના વિના સુનો પડવાનો નથી.

સંતોષ જ સુખની નિશાની છે.આ સંસારમાંથી સંતોષ નામના શબ્દે દેશવટો લીધો છે.સ્વાર્થ નામનો શબ્દ સૌના પર રાજ કરે છે.તેથી માણસજાત સતત હાયવલુરા કરતો રહે છે.જેને કારણે એને સુખ અને શાંતિ મળતાં નથી.માણસ જો સમજી જાય કે આ સંસાર એક સ્વપ્ન છે.એમાં રચ્યાપચ્યા રહેવાથી કશુંજ પ્રાપ્ત થઈ શકતું નથી, તો સંસારમાંથી ઉફરો માર્ગ ગ્રહણ કરી શકાય ખરો.સંસારમાં ઈશ્વર જ આપણો સાચો સાથી છે. એ સિવાયના સબંધો માત્ર સ્વાર્થ પુરતા છે. બીજી રીત જોઈએ તો આ સંસાર એક યુધ્ધનુ ક્ષેત્ર છે. એમાં લડવા સિવાય છુટકો નથી.જે આવે છે તેને આવવા દો. આપણે તો તેનો સામનો કરીને જીતવાનુ છે. પાછુ હઠવાનુ નથી.આ સંસારની જાળ એવી છે કે એમાં ફસાયા પછી બહાર નીકળવુ તકલીફ આપનારુ છે

(સોજન્ય : સંદેશ -ડો.કિશોરસિંહ સોલંકી)

પ્રતિબંધ છતાં બીબીસીએ નિર્ભયા ડોક્યુમેન્ટરીનું પ્રસારણ કરી દીધું

નિર્ભયા ગેગરેપની ઘટનાની ડોક્યુમેન્ટરીનું વિદેશી સમાચાર સંસ્થા બીબીસીએ બ્રિટનમાં પ્રસારણ કરી દીધું હતું.ભારત સરકારે તેના પર પ્રતિબંધ મુક્યો હતો. જો કે આ પ્રતિબંધ પ્રસારણ થઈ જવાને કારણે નિરર્થક બન્યો હતો.બીબીસીએ ૧૬ડિસેમ્બર ૨૦૧૨ના રોજ દિલ્હીમાં નિર્ભયા પર ગેગરેપની ઘટના બની હતી.ગેંગરેપના ગુનેગારોનો જેલમાં ઈન્ટરવ્યું લેવાયેલ દર્શાવાયો હતો.જો કે બીબીસીએ ભારતમાં તેનુ પ્રસારણ નહીં થાય તેવી ખાત્રી આપી હતી.પરંતુ આ ડોક્યુમેન્ટરી યુ ટ્યુબ મારફતે કરોડો દર્શકો સુધી પહોચી ગઈ હતી.લોકોએ આ ડોક્યુમેન્ટરીને ડાઉનલોડ પણ કરી દીધી હતી.

ગૃહમંત્રીના આખી રાત જાગરણ બાદ પણ તેઓ બીબીસીને પ્રસારણ નહીં કરવા રોકી શક્યા નહોતા.વિદેશ મંત્રાલયે પણ ઘણી જેહમત કરી હતી પરંતુ તે શક્ય બન્યું નહોતું.જો કે હવે આ પ્રસારણ બદલ બીબીસીને નોટીસ પાઠવવામાં આવી છે.પરંતુ બીબીસીના મતે તે સ્વતંત્ર સંસ્થા છે અને તે પ્રસારણ કરશે.તેમજ બ્રિટનમાં વાણી સ્વાતંત્રતાના હક્કો સામે આપણી કોઈ દલીલો ચાલતી નથી.ગૃહમંત્રાલય આ ફિલમ બનાવનાર સામે પગલાં લેવા વિચારી રહ્યું છે.પરંતુ હવે ઘોડા નાસી છુટયા બાદ તબેલાને તાળા મારવા જેવી કવાયત છે. જો ભાજપની રીત મુજબ તેમણે અગાઉની સરકાર પર દોષનો ટોપલો ઢોળવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ સુશીલકુમાર શિન્દેએ આ બાબતે રદિયો આપ્યો હતો.હવે જેલર કે કોઈ અધિકારીને આ બાબતે સરકાર થયેલ ભુલ બદલ સજા કરશે અને પોતાની જવાબદારીમાં હાથ ધોઈ નાંખશે તેવું દેખાઈ રહ્યું છે.

જાહેર ખબરના ભાવ

આખુ પાન	૩.૫૦૦૦	અર્ધું પાન	૩.૨૫૦૦
૧/૪ પાન	૩.૧૨૫૦	૧/૮ પાન	૩. ૬૦૦
વાર્ષિક પેનલ	૩.૫૦૦૦	માસિક પેનલ	૩.૧૮૦૦

ટચુકડી જાહેરાત ૩.૩૦૦

વ્યવસાયિક જા.ખ. ૩.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

જમીન બિલના વિરોધમાં ૨૫ માર્ચથી અણ્ણાની પદયાત્રામાં ખેડુત સંગઠનો જોડાશે

ભ્રષ્ટાચાર વિરોધી નેતા અણ્ણા હજારેએ જાહેરાત કરી હતી કે તેઓ સેવાગ્રામથી ૨૫મી માર્ચે જમીન બિલના વિરોધમાં પદયાત્રા શરુ કરશે.જેમાં તેમની સાથે અનેક ખેડુત સંગઠનો પણ ભાગ લેશે.હજારેએ પોતાના સહયોગીઓ સાથે આ બાબતે ચર્ચા પણ કરી લીધી છે.આ યાત્રા ૨૫મી માર્ચે શરુ થશે અને ૨૭ એપ્રીલે પુરી થશે.૨૩મી માર્ચે તેઓ પંજાબમાં ભગતસિંહના ગામની મુલાકાત કરશે. અને તેમને શ્રધ્ધાંજલિ આપશે.આ પદયાત્રા દિલ્હીના રામલીલા મેદાનમાં પુર્ણ થશે એમ પણ તેઓએ કહ્યુ હતું.જો કે ત્યાં તેઓ લોકોને સંબોધન કરશે ત્યારે અન્ય કોઇ રાજકીય નેતાઓને સ્ટેજ પર આવવાની મંજુરી અપાશે નહીં.

તેમણે કહ્યુ હતું કે કોઇ પણ ભોગે હિંસાને સ્થાન અપાશે નહીં.જો એમ થશે તો તેઓ યાત્રા રદ કરી દેશે.અણ્ણા હજારેએ ખેડુત સંગઠનોનો અભિપ્રાય લઇને લેન્ડ એક્વીઝીશન બિલની ખેડુત વિરોધી જોગવાઇઓ સામે મોદી સરકાર પર દબાણ મુકવા ઝુંબેશ હાથ ધરી છે.તેઓ આ બિલના વિરોધમાં બે દિવસના ધરણાનો કાર્યક્રમ કરી ચુક્યા છે.જો કે કેન્દ્ર સરકાર લોકસભામાં ભારે વિરોધ બાદ સુધારા વધારા સાથે આ બિલને પસાર કરાવી દીધું છે.હવે તેને રાજ્યસભામાં પસાર કરવાનું બાકી રહે છે જયાં ભાજપની કસોટી થશે. કારણકે વિરોધપક્ષો અહીંયા બહુમતીમાં છે.સંસદમાં વિપક્ષ દ્વારા સુચવાયેલ કેટલાક સુધારાઓ સરકારે અપનાવતાં આ શક્ય બન્યું હતું.જો કે જમીન સંપાદનના મુદ્દે ઠેર ઠેરથી વિરોધ થઇ રહ્યો હોવા છતાં સરકાર આ બિલને પસાર કરવવા માટે મક્કમ છે. હવે જોવાનુ રહે છે કે અણ્ણા હજારેની પદયાત્રા આ બાબતે શું પરિણામ લાવે છે.કેન્દ્ર સરકારે અણ્ણાની પદયાત્રા કોઇપણ પ્રકારની રાજકીય ગરમી પેદા કરે અને ભાજપની છબી રોજબરોજ ખરાબ થતી જાય છે તેમાં વધારે નુકશાન ઉભુ કરે તે પહેલા આ બિલને કાયદામાં વિપક્ષોનો સહકાર લઇને ફેરવી નાંખવાની કવાયત હાથ ધરી લીધી છે.

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

સુપ્રીમ કોર્ટના પુર્વ ન્યાયાધીશ કાત્જુએ ગાધીજી માટે કરેલા નિવેદનને સંસદમાં વખોડાયું



વાણી વિલાસના નામે આ દેશમાં એક એકથી ચઢે તેવા મહારથીઓ અસ્તિત્વમાં છે. હાલમાં સુપ્રીમ કોર્ટના પુર્વ ન્યાયાધીશ કાત્જુએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને બ્રિટીશ એજન્ટ તરીકે નવાજયા હતા.ત્યાર બાદ આઝાદીના લડવૈયા સુભાષચંદ્ર બોઝને તેમણે જાપાની કહ્યુ હતા.

જો કે સુપ્રીમ કોર્ટના પુર્વ ન્યાયાધીશ માર્કન્ડેય કાત્જુ તેમના કાર્યકાળ દરમિયાન તેમની કોર્ટમાં મહાત્મા ગાધીની તસવીરો અવારનવાર જોઇ હશે.અને કાયદા સાથે દેશનો ઇતિહાસ પણ તેમના ધ્યાને હશે.તેમણે કરેલા નિવદેનથી દેશની જનતામાં તેમની બુધ્ધિમત્તા અંગે પણ સવાલો ઉભા થયા છે.ખેર એ તેમની અંગત બાબત છે.

પરંતુ તેમના નિવેદનને રાજયસભામાં હામિદ અંસારીએ બહાર પાડેલા એક ઠરાવમાં ફગાવી દેવાયું હતું.અને જસ્ટીશ કાત્જુના નિવેદનોને વખોડી કઢાયા હતા.સમગ્ર ગૃહે મૌખિક મતદાનથી આ ઠરાવને સ્વીકારી લીધો હતો.ગૃહના નેતા અરુણ જેટલીએ કહ્યું હતું કે સભ્યોના રોષને વાચા આપું છુ અને કાત્જુના નિવેદનને ફગાવી દઇએ છીએ.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

ગૃહપતિને થેક્યું કહેજો

કહેવાય છે કે એક માં સો શિક્ષકોની ગરજ સારે છે તેવી જ રીતે છાત્રાલયનો એક ગૃહપતિ કે ગૃહમાતા લાખો માતા-પિતાની ગરજ સારે છે.ગૃહપતિ ચોવીસ કલાક ખડેપગે ઊભો રહી છાત્રાલયમાં ફરજ બજાવતો હોય છે.પારકા બાળકોને પોતાના માની બાળકોનું ભવિષ્ય ઉજળું બનાવે છે.ગૃહપતિ પોતાના સંતાનો ઉપરાંત છાત્રાલયના બાળકોની પણ સાર સંભાલ રાખી પોતાનો ઘણોખરો કિંમતી સમય છાત્રાલયના બાળકો પાછળ ખર્ચી નાંખતો હોય છે.

ગૃહપતિને દર મહિને એક હજારની ત્રણ નોટોનો તગડો પગાર મળતો નથી. નીમ્ન પગારમાંતી પુરા પરિવારનુ ગુજરાન ચલાવવુ પડે છે તે છતાંય કે કર્મનિષ્ઠ હોય છે.કર્ણાટકમાં એક બસ ડ્રાઇવરને ડ્રાઇવીંગ દરમિયાન હૃદય હુમલો થયો તેણે બસન રસ્તાની બાજુમાં ઊભી રાખી મુસાફરોને સલામત રાખી અને ડ્રાઇવર બસમાં જ મૃત્યુ પામ્યો તે પણ એક કર્મનિષ્ઠ વ્યક્તિ જ કહેવાય. ગૃહપતિ છાત્રાલયમાં નિયમો, સુચનો, સફાઇ, દવાખાનું, હિસાબ-કિતાબ, વાલીઓ કે બાળકોની ફરિયાદો, રસોડું, રજાઓ મંજુર કરવી કે નહીં વગેરે કાર્યો માટે સભાન રહેવું પડતું હોય છે.પોતાના કાર્યમાં વફાદાર બની પળે પળે છાત્રાલયને જીવંત બનાવતો હોય છે. ગૃહપતિ કૌટુંબિક કે સામાજિક સમસ્યાઓથી ઘેરાયેલો હોવા છતાંય તે પોતાની ફરજ પર સમય મુજબ હાજર થઇ છાત્રાલયમાં દરેકે દરેક બાળકોના ભણતરની માવજત કરતો હોય છે.

જુના જમાનામાં એક કહેવત હતી કે' સોટી વાગે સમ સમ વિદ્યા આવે ધમધમ'આજે વિપરિત પરિસ્થિતિ છે. બાળકોને મારવું તે ગુનો છે.જુના જમાનામાં કોઇ બાળકને શિક્ષા થતી તો વાલીઓ બાળકના હિત અર્થે શિક્ષા થઇ તેમ માનતા.આજના માં-બાપની માનસિકતા કાંઇક જુદી છે. ઘરમાં બાળકો સીધા ના બેસે એટલે બાળકોને સીધા કરવા માટે છાત્રાલયમાં મુકે અથવા ઘરમાં બાળકને 'આલે બેટા ગેમ રમ 'કહીને મોબાઇલ ઘરી દેતા હોય છે.બાળકો આરામથી બેસતા નથી તેના કારણે બાળકોને છાત્રાલયમાં ધકેલી દેવું તે વિચારને આજના વાલીઓએ મનમાંથી જડમુળમાંથી ઉખેડી નાંખવો જોઇએ. બાળકોને બાળપણમાં ભણતરની અને સારા મુલ્યોની જરુર છે. મોબાઇલની નહીં. બાળકોને બાળપણમાં સારા મુલ્યોનું સિચન ન થાય અને ઘડપણમાં થાય તે સઘળું મિથ્યા છે.ગાધીજીએ સાચુ જ કર્યું છે કે 'પાકે ઘડે કાંઠા ન ચડે '

ગૃહપતિ ક્યારેક માતા-પિતાને કહેતો હોય : તમારા બાળકનું ભણતર નબળું છે, તમારા બે શબ્દો કહેતા જજો. ત્યારે માં-બાપ બાળકને આખના પલકારે સાવ મામુલી શબ્દો કહેતા હોય છે. બેટા કાલથી અભ્યાસમાં ધ્યાન આપજે. પણ તે બાળકની કાલ જ આવતી નથી.ગૃહપતિ સમક્ષ મા-બાપ બાળકનો લુલો બચાવ કરી બાળકના તરફેણમાં ચુકાદો મળી જતો હોય છે. છાત્રાલયમાંથી બાળકો ઘેર જાય ત્યારે કેટલાક વાલીઓ બાળકોને પ્રશ્નો કરતા હોય છે ક્યારે પાછા જવાના છો ? તેવું કહીને મનોમન પ્રાયશ્ચિત કરતા વાર નથી લાગતી. આમ આજના જમાનાની આ નરી વાસ્તવિકતા છે. છાત્રાલયમં રહીને ભણવું એટલે નિયમોને આધિન રહેવું પડે. છાત્રાલયમાં રહીને બાળક માત્ર ભણતું જ નથી પણ જીવનના પાઠ પણ ભણે છે.મિત્રતા કેળવવી,રમતમાં ખેલદીલી, સમયનો બચાવ, મદદની ભાવના, ભગવાન સાથે નાતો,એકબીજા સાથે મધુર વ્યવહાર વગેરે ગુણો છાત્રાલયમાંથી જ કેળવાય છે.છત્રાલય જીવન જીવીને પોતાની મનગમતી કારકીર્દી બનાવી પોતાના ધ્યેય સુધી પહોચ્યા પછી કોઇ પણ વ્યક્તિ પોતાના છાત્રાલય જીવનના સંસ્મરણો યાદ આવે ત્યાર કેવુ રુડુ લાગે ?છાત્રાલયના જુના વિદ્યાર્થીઓનું સ્નેહ મિલન યોજાય ત્યારે સૌ વિદ્યાર્થીઓ જુની યાદો તાજી કરતા હોય કે 'વહ ક્યા જમાના થા.'

છાત્રાલયમાં ગૃહપતિ બાળકોના જીવનના પાઠ અને સફળતાના ઉંચા શિખરો સર કરાવીને યોગ્ય સ્થાને પહોચાડે છે ત છતાંય ગૃહપતિ કોઇ બાળક પાસેથી ચીજવસ્તુઓની અપેક્ષા રાખતો નથી તે એક ગૃહપતિની સેવા ભાવના જ કહેવાય. છાત્રાલયના કાર્યમાં અનેક આપત્તિઓ આવે તો પણ તે મુશ્કેલીઓના રોદણા રડ્યા વિના કાર્યોને આગળ ને આગળ ધપાવતો હોય છે. અંતે મારુ હૈયું બોલી ઉઠે છે, ધબકી ઉઠ છે અંતરના શબ્દો મુખ વાટે સરી પડે છે કે ક્યારે તમારા છાત્રાલયના 'ગૃહપતિને થેક્યું કહેજો.'

-મથુર વસાવા, સેન્ટ જોસેફ હાઇસ્કુલ,ઉના જિ.ગીર-સોમનાથ

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.